ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**સ્મિતાબેન દીપકભાઈ ઠાકર**
મુખિયાજી, શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી
મો : ૯૮૨૫૦ ૫૨૩૧૩

સાયન્સની પરીક્ષા યોજાયાના એક માસ પછી પણ પરિણામ નહીં

# શિક્ષણ બોર્ડ દ્વારા આગામી પંદર દિવસમાં પરિણામ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર-નવેમ્બર માસમાં લેવામાં આવેલી સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા પૂર્ણ થયાને એક માસ થઈ ગયો છતાં હજુ સુધી પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી. ફાઈનલ આન્સર કી અંગે લોકો તરફથી આવેલી રજૂઆત બાદ હવે તેમાં ફેરફાર કરાયા પછી પરિણામ તૈયાર કરાશે. આગામી પંદર દિવસમાં પરિણામ જાહેર કરાય તેવી શક્યતાઓ છે. શિક્ષણ બોર્ડ દ્વારા સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા ૩૦ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી હતી અને ૭ નવેમ્બરના રોજ પૂર્ણ થઈ હતી.ત્યારબાદ બોર્ડ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાઈ હતી. પ્રોવિઝનલ આન્સર કીમાં ભૂલ હોય તો પુરાવા સાથે રજૂઆત કરવા માટે પણ તાકીદ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા થયેલી વિવિધ રજૂઆતોના આધારે બોર્ડે ફાઈનલ આન્સર કી જાહેર કરી હતી. જોકે ફાઈનલ આન્સર કીમાં પણ કેટલીક ભૂલો રહી ગઈ હોવાનું બોર્ડ સમક્ષ રજૂઆતોમાં જણાવાયું હતું. જેના લીધે તે ભૂલો સુધારી લેવાની બોર્ડે કવાયત હાથ ધરી છે. આ ભૂલો સુધરી ગયા બાદ તૈયાર થનારી આન્સર કીના આધારે બોર્ડ દ્વારાસાયન્સના પરિણામ જાહેર કરાશે. હાલમાં પરીક્ષા પૂર્ણ થયાને એક માસ જેટલો સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી પરિણામ જાહેર કરી શકાયું નથી. બીજી બાજુ સાયન્સના બીજા અને ચોથા સેમેસ્ટરનો અભ્યાસ પણ શરૂ થઈ ગયો છે. પરિણામ જાહેર કરવામાં ઘણું મોડું થઈ ગયું છે, પરંતુ પંદર દિવસમાં બોર્ડ દ્વારા સાયન્સના બંને સેમેસ્ટરના પરિણામ જાહેર કરી દેવામાં આવશે.

## રાજયકક્ષાની થાઈબૉકસીંગ સ્પર્ધામાં જે એમ ચૌધરી વિદ્યાલય વિજેતાપદ પામી

ગાંધીનગર, તા. ૯

રાજ્યકક્ષાની અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ સ્પર્ધા થરા મુકામે યોજાઈ હતી, જેમાં જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ વિજેતાપદ પ્રાપ્ત કરી શાળાનું તથા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે, આ સૌ વિદ્યાર્થીનીઓને શાળા તરફથી બિરદાવવામાં આવી હતી.

આ સ્પર્ધામાં અન્ડર-૧૭ વિભાગમાં કાજલ ચૌધરી, રીટા ચૌધરીએ ગોલ્ડ મેડલ, અંજલી ચૌધરી, શિવાની ચૌધરી અને વિષ્ણા ચૌધરીએ સિલ્વર મેડલ તથા અન્ડર-૧૯ સ્પર્ધામાં મનિષા ચૌધરી, કિંજલ ચૌધરી અને લલીતા ચૌધરીએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

સ્પર્ધામાં ભાગ લેનારી તમામ વિદ્યાર્થીનીઓને તથા વિજેતાપદ પ્રાપ્ત કરનારી વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર વતી આચાર્યા તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# લાયોનેસ કલબ દ્વારા વિશિષ્ટો સાથે વિશિષ્ટ દિવસની ઉજવણી કરાઈ



લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના દિવસની ઉજવણી સરગાસણ ખાતે કાર્યરત માનવ સ્મૃતિ વિશિષ્ટ શાળા ખાતે કરવામાં આવી હતી. પ્રમુખ વૈશાલી જોષીની આગેવાની હેઠળ આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં સેક્રેટરી દક્ષા જાદવ, ખજાનચી મીતલ રાણા, લાયન નયનભાઈ મધુકર અને અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. માનવ સ્મૃતિના સંચાલક ભાવેશભાઈનો સક્રિય સહયોગ આ પ્રસંગે પ્રાપ્ત થયો હતો.

# વિશિષ્ટો સાથે એક સાંજ સ્વરૂપે જન્મદિવસની વિશિષ્ટ ઉજવણી



સાહિત્યકાર અને ગાંધીનગર સમાચારના કટાર લેખક એવા શહેરના સમાજસંવેદી યુવાન સંજય થોરાતે પોતાનો જન્મદિવસ વિશિષ્ટ વ્યક્તિઓ સાથે એક સાંજ વિતાવીને કર્યો હતો. સવારની શરૂઆત એમણે સમાજસેવાથી કરી, પોતાના જેવા સમાજસંવેદી યુવાન મિત્રોને સાથે રાખીને બ્લડ ડૉનેશન કર્યું, દિવસ દરમ્યાન પોતાની કાર્યફરજ બજાવી, સાંજે સરગાસણ ખાતે માનવ સ્મૃતિ વિશિષ્ટ શાળામાં જઈને વિશિષ્ટ બાળકો સાથે સમય વીતાવ્યો અને એ પછી મોડી સાંજ અને રાત્રીનો સમય પરિવાર સાથે ગાળ્યો. જોગાનુજોગ તેમનો જન્મ દિવસ માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના દિવસ નિમિત્તે જ આવ્યો હતો તેથી તેમનો આ સંવેદી પ્રયાસ સમયસરનો પણ બની રહ્યો. પરિવાર સાથે એમણે વિશિષ્ટ વ્યક્તિઓની નિવાસી શાળામાં જઈને એમની સાથે સારો સમય વિતાવ્યો હતો અને પોતાના જન્મદિવસની ઉજવણીને સાર્થક કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હેટ સ્ટોરી-૩
૬.૪૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૭.૦૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૨.૪૫, ૩.૪૫

**સ્ક્રીન-૩**
તમાશા
૩.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૯.૩૦

**સ્ક્રીન-૫**
તમાશા
૬.૩૦
છેલ્લો દિવસ
૪.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦

**સ્ક્રીન-૬**
છેલ્લો દિવસ
૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૩.૪૫
તમાશા
૧૨.૩૦
હેટ સ્ટોરી-૩
૯.૪૫

# સમાજ તમારા પરિવારથી પણ વધુ અધિકાર તમારા પર જમાવતો હોય છે

ગાંધીનગર, તા. ૯

કાવ્ય મુદ્રા દ્વારા અમદાવાદ ખાતે યોજાઈ ગયેલા ત્રિદિવસીય કાવ્ય અને ગઝલ મહોત્સવના અંતિમ દિવસે રોકસ્ટાર, લવ આજકલ, તમાશા અને આવી ઘણી જાણીતી ફિલ્મો માટે ગીતો લખનાર શાયર ઈર્શાદ કામિલે પોતાની ગઝલો અને શાયરીઓ દ્વારા શ્રોતાઓનો દિવસ યાદગાર બનાવી દીધો હતો.

આ પ્રસંગે વાત કરતાં તેમણે કહ્યું કે, કવિતામાં તમે તમારા દિલની વાત કરો છો, જે સરળતાથી લોકોના દિલ સુધી પહોંચે છે. તમે જ્યારે કોઈ મુશાયરમાં જઈને તમારી કૃતિઓ રજૂ કરો છો, ત્યારે તેમાં કળા રહેલી હોય છે. જ્યારે ફિલ્મોમાં તમે જોર્ડન કે વેદ કે પછી વિક્રમ અને બાલા માટેના ગીતો છે. ખરો ઈર્શાદ કામિલ તમને મુશાયરામાં જ મળશે.' જ્યારે એક મધ્યમવગીય અને સાત ભાઈ બહેન ધરાવતા પરિવારના એક બાળકે લેખક બનવાના સપના જોવાનો કેટલો એધિકાર છે, એ બાબતે તેમણે કહ્યું કે, 'સમાજ તમારા પરિવારથી પણ તમારા પર વધુ અધિકાર જમાવતો હોય છે, મને મારું આ સપનું પૂરુ કરવા માટે મારે પણ પરિવાર અને આસપાસના લોકોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પણ જ્યારે તમને તમારી કળા અને પેશન પર વિશ્વાસ હોય ત્યારે એ પ્રેમનો વિષય બની જતો હોય છે. કદાચ એ જ વખતના અનુભવો અને લાગણીઓ તમે 'રોકસ્ટાર' અને 'તમાશા'ના ગીતોમાં જોઈ શકો છો.' જ્યારે એવૉર્ડ વાપસી બાબતે ઈર્શાદ કામિલે જણાવ્યું કે, 'બાળક ત્યારે જ રડે જ્યારે તેને ભૂખ લાગી હોય અને માને ખબર ન હોય. આમ એવૉર્ડ વાપસીથી કોઈ વધારે ફરક ન પડે પણ લોકોનું અને સરકારનું એ તરફ ધ્યાન જરૂર દોરાય છે.' તેમની સાથે ચિરાગ ત્રિપાઠીએ પણ પોતાની પંક્તિઓ રજૂ કરી અને તેમના સાથી કલાકારો દ્વારા કેટલાક ગુજરાતી ગીતો રજૂ કરવામાં આવ્યા હતાં. આર. જે. ધ્વનિતે આ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

# જાન્યુઆરી માસથી સીપીઈ સેમિનાર માટે ફિંગરપ્રિન્ટથી હાજરી પુરાવવી ફરજિયાત

ગાંધીનગર, તા. ૯

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તેમના વ્યવસાયને લગતા આધુનિક ફેરફારો તથા સરક્યુલરથી માહિતગાર રહે તે માટે યોજાતા કન્ટિન્યૂઈંગ પ્રોફેશનલ એજ્યુકેશન (સીપીઈ) સેમિનારમાં આગામી જાન્યુઆરી માસથી પ્રવેશ વખતે અને સેમિનારમાંથી નીકળતી વખતે ફિંગરપ્રિન્ટથી ફરજિયાત હાજરીની જોગવાઈ લાગુ કરવામાં આવી રહી છે. ઘણાખરા ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ્સમાત્ર સહી કરીને જતા રહેતા હોવાની ફરિયાદો ઊઠી હોવાથી આ પગલું લેવામાં આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ નવા નિયમથી પોતાની જગ્યાએ આર્ટિકલશીપ કરનારા વિદ્યાર્થીઓને સેમિનારમાં મોકલી દેનારા સીએને હવે જાતે સેમિનારમાં હાજર રહેવું પડશે. સીએના વ્યવસાયની માગ મુજબ પોલિસીમાં થનારા અગત્યના ફેરફારો, સેન્ટ્રલ બોર્ડ ઑફ ડિરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) કે સેન્ટ્રલ બોર્ડ ઑફ એકસાઈઝ એન્ડ કસ્ટમ્સ (સીબીઈસી)ના સરક્યુલર્સથી તેઓ અવગત રહે તે જરૂરી છે. ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી વ્યવસાયનું જ્ઞાન બંધિયાર ન બની જાય અને તે તમામ વિકાસથી વાકેફ રહે તે માટે દરેક સીએ માટે સીપીઈ પ્રોગ્રામ એટેન્ડ કરવા ફરજિયાત છે, એટલું જ નહીં, સીએને વર્ષના ૩૦ કલાક સીપીઈના સેમિનાર પાછળ ફાળવવા પડે છે. જેમાંથી કલાક ૨૦ આઈસીએઆઈ દ્વારા આયોજિત સેમિનારમાં ફાળવવા કલાક ફરજિયાત છે. અન્ય ૧૦ કલાક તે એસોચેમ, ચેમ્બર ઑફ કોમર્સ, નાસકોમ જેવી સંસ્થાના પ્રોગ્રામ એટેન્ડ કરીને પૂરા કરી શકે છે. ઈન્સ્ટિટ્યૂટ દરેક સીએ દ્વારા કેટલા સીપીઈ પ્રોગ્રામ એટેન્ડ કરાયા છે તેનું લિસ્ટ તૈયાર કરે છે અને સીપીઈ કલાક પૂરા ન થતા હોય તેવા સીએ સામે કાર્યવાહી કરે છે.

અમદાવાદ આઈસીએઆઈ દ્વારા દર મહિને પચીલ જેટલા સીપીઈ પ્રોગ્રામ યોજાય છે. અત્યાર સુધી સેમિનારમાં સહી કરીને એન્ટ્રી લેવાની હોવાને કારણે મોટાભાગના સીએ, ખાસ કરીને અનુભવી સીએ સેમિનારમાં બેસવાને બદલે માત્ર સહી કરીને જતા રહેતા હતા. કેટલાક સીએ તેમની જગ્યાએ આર્ટિકલશીપ કરનારા વિદ્યાર્થીને મોકલી દેતા હતા. જેથી સીપીઈ સેમિનારનો હેતુ સર થતો ન હતો. આ કારણે ઈન્સ્ટિટ્યૂટે ૧ જાન્યુઆરીથી દરેક સીએ માટે સેમિનારમાં પ્રવેશતા પહેલાં અને સેમિનાર પૂરો થતા સમયે એમ બે વાર ફિંગરપ્રિન્ટ આપીને હાજરી પુરાવવી ફરજિયાત બનાવી દીધી છે.

# મહિલા દિગ્દર્શક દ્વારા દિગ્દર્શિત પ્રથમ ગુજરાતી ફિલ્મનું ટ્રેલર લૉન્ચ

## જાન્યુઆરી માસની શરૂઆતમાં ફિલ્મ રિલીઝ થશે



ગાંધીનગર, તા. ૯

લાઈમલાઈટ પિકચર્સનો પ્રથમ પ્રોજેકટ એટલે ગુજરાતી ફિલ્મ 'હુ તુ તુ તુ-આવી રમતની ઋતુ'. આ પ્રથમ મહિલા દિગ્દર્શક દ્વારા નિર્દેશિત કરાયેલી ગુજરાતી ફિલ્મ છે. ત્રણ મહિલાઓ દ્વારા લાઈમલાઈટ પિકચર્સની સ્થાપના કરવામાં આવી હતી. આ માતા-પુત્રીઓ દ્વારા સ્થપાયેલી લાઈમલાઈટસ પિકચર્સ, કલાસિક કૃતિઓ અને પ્રેક્ષકોએ માણવાલાયક ફિલ્મો રજૂ કરવાની તેની મજલ ચાલુ રાખશે. 'હુ તુ તુ તુ - આવી રમતની ઋતુ' એ નસીબના અનેક વળાંકો અને શેર બજાર પર આધારિત કથા છે. જેમાં ચાર વ્યક્તિઓની જીંદગી કપરી પરિસ્થિતિ મુકાય છે. એમાં રોમાન્સ, બદલા અને વાતાવરણ માનવોને કઈ રીતે અસર કરે છે તેની વાત કરાઈ છે. ફિલ્મની સ્ટાર કાસ્ટમાં લેખક-દિગ્દર્શક શિતલ શાહ, પ્રસિધ્ધ ગાયક પાર્થ ઓઝા, શાયના શાહ, રોનક કામદાર ઉપરાંત, અંકિત જોષીપુરા અભય ચંદારાણા, ભક્તિ કુબાવત, અને અસિમ પરીખનો સમાવેશ થાય છે. ફિલ્મની ક્રૂમાં જે તેજસ્વી પ્રતિભાઓનો સમાવેશ કરાયો છે તેમાં સિનેમેટોગ્રાફર પ્રતાપ રાઉત (જેમના પ્રોજેકટસમાં એમએસ ધોની, હોલિડે, ફરારી કી સવારી, ટોટલ સિયાપ્પા તથા અન્યનો સમાવેશ થાય છે) અને સંગીત નિર્દેશક કમલેશ ભડકમકારનો સમાવેશ થાય છે. ફિલ્મ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સિનેમાગૃહોમાં રજૂ થશે. હુ તુ તુ તુ ની સંગીત રચના કમલેશ ભડકમકારે એ રીતે કરી છે કે તે આધુનિક હોવા છતાં આગામી સમય સાથે પણ બંધ બેસે તેવી છે. ફિલ્મનાં ગીતો, પા'થવ ગોહિલ, અવંતિ પટેલ અને વૈશાલી સામંતે ગાયાં છે. ફિલ્મનું સંગીત તમારા પગને તાલ ઠોકતા કરી દેશે અને તમને હુ તુ તુ તુ અને અચકો મચકોના તાલે નાચવાનુ પણ ગમશે. હુ તુ તુ તુ માં અનોખું હિંદી કલબ સોંગ પણ આવરી લેવાયુ છે. સંગીતના રાઈટ્સ સારેગામાએ લીધા છે અને ટૂંક સમયમાં ફિલ્મના ગીતો ઓનલાઈન રજૂ કરશે! ટ્રેઈલર લોંચની વાત કરતાં લેખક-દિગ્દર્શક શિતલ શાહ જણાવે છે કે ''હું મારી પ્રથમ ફિલ્મનું થિએટ્રિકલ ટ્રેઈલર રજૂ કરતાં ખૂબ જ રોમાંચ અનુભવું છું, અને તે મારી માતૃભાષા ગુજરાતીમાં છે તેનો વધુ આનંદ છે. અમે જે પ્રકારની ફિલ્મમાં માનતા હતા તેવી ફિલ્મ બનાવી શક્યા છીએ અને અમારી અંતરની લાગણી કહે છે કે લોકો તેને ખરેખર માણશે. અમારી સમગ્ર ટીમ માટે હુ તુ તુ તુ એ માત્ર ફિલ્મ નથી, એમાં ઘણુ શિખવાનો, પડકારો, કસોટીઓ, ઉતાર-ચઢાવ અને એક અદ્ભુત આનંદનો અનુભવ પ્રાપ્ત થાય છે. અમે આ ફિલ્મ ૧લી જાન્યુઆરીએ નવા વર્ષની શુભેચ્છા સાથે દર્શકો સમક્ષ મુકવા અત્યંત આતુર છીએ.'' ફિલ્મનાં નિર્માતા હિના શાહ જણાવે છે કે ''લાઈમલાઈટ પિકચર્સે ઘણી પ્રતિભાઓ સાથે સહયોગ કર્યો છે, દરેક વ્યક્તિ તેના ક્ષેત્રમાં સર્જનાત્મકતા ધરાવે છે. લાઈમ લાઈટ પિકચર્સ ઉચ્ચ ગુણવત્તાની ફિલ્મ નિર્માણ કરવાનો પ્રયાસ કરે છે, તેનો દુનિયાભરના દર્શકોએ તેનો સ્વીકાર અને પ્રશંસા કરી છે. ભારતના મનોરંજન બિઝનેસનો હિસ્સો બની શકે તેવા પ્રોડકશનનું નિર્માણ કરવાનું તેનું લક્ષ્ય ધરાવે છે.''

# સારો કંઠ એ ઈશ્વરની કૃપા છે

## મિટે જો પ્યાર કે લીયે વો જિંદગી, જલે બહાર કે લિયે વો જિંદગી

સંગીતકાર તથા ગીતકારને જે પ્રતિષ્ઠા મળે છે તે કરતાં ગાયકને ગીતની સફળતા માટે વધારે પ્રતિષ્ઠા-માન મળે છે તેનું કારણ કદાચ એ હોઈ શકે કે સારો કંઠ એ ઈશ્વરની કૃપા છે. કોઈપણ વ્યક્તિ અભ્યાસ કરીને સંગીતના ઉચ્ચ શિખરો સર કરી શકે છે. કવિ પોતે જ અભ્યાસુ જીવ હોય છે અને પોતાના અભ્યાસ તથા અનુભવને શબ્દોમાં ઢાળે છે. જ્યારે સારો કંઠ એ ઈશ્વરની સીધી કૃપા જ છે. હા ! પોતાને ઈશ્વર કૃપાથી જે કંઠ મળ્યો છે તેને સાચવવો પડે છે. સૂર અને તાલનું જ્ઞાન મેળવવું પડે છે અને સતત રિયાઝ કરવો પડે છે. આ બાબત વાંચવામાં જેટલી સહેલી છે તે વાસ્તવમાં સખ્ત પરિશ્રમ માગનારી છે.

કિસી કી મુસ્કુરાહટોં પે હો નિસાર, કિસી કા દર્દ હો સકે તો લે ઉધાર,
કિસે કે વાસતે હો તેરે દિલ મેં પ્યાર, જિના ઈસી કા નામ હૈ...
માના અપની જેબ સે ફકીર હૈ, ફિર ભી યારોં દિલ કે હમ અમીર હૈ
મિટે જો પ્યાર કે લીયે વો જિંદગી, જલે બહાર કે લિયે વો જિંદગી
કિસી કો હો ન હો હમે તો એતબાર, જિના ઈસી કા નામ હૈ...
રિશ્તા દિલ સે દિલ કે ઐતબાર કા, ઝીંદા હૈ હમીં સે નામ પ્યાર કા
કે મરકે ભી કિસી કો યાદ આયેંગે, કિસી કે આંસુઓ મેં મુસ્કુરાયેંગે
કહેગા ફૂલ હર કલી સે બાર-બાર, જીના ઈસી કા નામ હૈ...

આ ગીત ફિલ્મ 'અનાડી'નું છે. આ ગીતના કવિ છે 'શૈલેન્દ્રકુમાર', સંગીતકાર છે 'શંકર જયકિશન' અને ગાયક છે 'મુકેશ.' આ ફિલ્મના મુખ્ય અભિનેતા અને અભિનેત્રી તરીકે રાજ કપૂર અને નૂતન હતાં. અન્ય સહાયક કલાકાર તરીકે લલિતા પવાર, મોતીલાલ અને શોભા ખોટે હતા. આ ફિલ્મ તે જમાનાની અત્યંત સફળ ફિલ્મ હતી. ફિલ્મને શ્રેષ્ઠ અભિનેતા (રાજ કપૂર), શ્રેષ્ઠ સંગીતકાર (શંકર જયકિશન), શ્રેષ્ઠ ગાયક (મુકેશ), શ્રેષ્ઠ ગીતકાર (શૈલેન્દ્ર) અને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી (લલિતા પવાર) એમ પાંચ ફિલ્મ ફૅર ઍવોર્ડ્સ પણ પ્રાપ્ત થયા હતા.

ફિલ્મના દિગ્દર્શક હતા ઋષિકેશ મુખર્જી, જેમણે સ્વતંત્ર નિર્દેશક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી અને પોતાની આ બીજી જ ફિલ્મથી દુનિયામાં પોતાના નામનો સિક્કો જમાવી દીધો હતો.

**- ભાર્ગવ હરનારાયણ ભટ્ટ**

